## (1) IFLOWS-મુંબઇ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક પુર ચેતવણી પ્રણાલિ (Flood Warning System) છે.
(2) મુંબઈ ભારતનું પ્રથમ શહેર બન્યું છે કે જેની પાસે આવી પ્રણાલિ હોય.
(3) તેનો વિકાસ IIT-બોમ્બે દ્વારા કરવામાં આવ્યો છે.
(4) તેમાં GIS (જીઓગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ)નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1) અને (2)   (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (3)   (D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં IFLOWS-મુંબઈ નામની એક એકીકૃત પુર ચેતવણી પ્રણાલિનું લોંચિંગ કરવામાં આવેલું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ સાથે મુંબઈ ભારતનું બીજું એવું શહેર બન્યું છે કે જેની પાસે આ પ્રણાલિ હોય. ચેન્નાઈ આ પ્રણાલિ ધરાવનાર પ્રથમ શહેર છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ પ્રણાલિનો વિકાસ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં મ્યુનિસિપાલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈ દ્વારા સાથ–સહકાર આપવામાં આવ્યો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ પ્રણાલિમાં 7 મોડ્યુલ આવેલાં છે. જેમાં ડેટા એકત્રીકરણ, પુર, સંવેદનશીલતા, ખતરો, વિતરણ, નિર્ણય સહાયકતા પ્રણાલિ અને જળપ્રલય (Inudation)નો સમાવેશ થાય છે.

⇛ આ GIS (જીઓગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ) આધારિત સપોર્ટ સિસ્ટમમાં દરેક જરૂરી માહિતીનો સમાવેશ થાય છે. જેમ કે, ટોપોગ્રાફી, જમીન વપરાશ, વસતી, તળાવ, નદી વગેરે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) RT-nPCR ટેસ્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Reverse Transcription Nano-based Polymerase Chain Reaction છે.
(2) આ ટેસ્ટનો વિકાસ સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી (CCMB) દ્વારા કરવામાં આવ્યા છે.
(3) તેનો વિકાસ હાઈ–ટેક મોડેલ મુજબ કરવામાં આવ્યો છે.
(4) તે તેના અંતિમ પૃથક્કરણમાં RT-PCRનો ઉપયોગ કરે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ CCMB સંસ્થાના સંશોધકો દ્વારા કોરોના વાયરસના ટેસ્ટિંગ માટેની નવી પદ્ધતિ વિકસાવવામાં આવી છે. જેનું નામ Reverse Transcription nested Palymerase Chain Reaction (RT-nPCR) છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ CCMBનું પૂરુંનામ સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી છે. આ લેબ હૈદરાબાદમાં આવેલી છે.

⇛ CCMB એ CSIR (કાઉન્સીલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ) હેઠળની એક લેબોરેટરી છે.

⇛ આ પદ્ધતિ તેના અંતિમ તબક્કાના પૃથક્કરણમાં RT-PCR પદ્ધતિનો ઉપયોગ કરે છે. આમ કરવાનો હેતુ સેમ્પલની જૈવરાસાયણિક પ્રતિક્રિયાને માપવાનો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ પદ્ધતિ લો–કોસ્ટ (Low-Cost) અને લો–ટેક (Low-Tech) મોડેલ મુજબ વિકસાવવામાં આવેલી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ નવી પદ્ધતિ હજુ ICMR (ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ)ની મંજૂરિની રાહ જોઈ રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) ભારતીય બાઈશન (જંગલી બળદ) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે જંગલી ગાય–બળદ પ્રજાતિ પૈકીનું સૌથી લાંબુ પ્રાણી છે.
(2) આ પ્રાણી નિત્યલીલા અને અર્ધ નિત્યલીલા જંગલોમાં જ જોવા મળે છે.
(3) આ પ્રાણી મુખ્યત્વે ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળમાં જોવા મળે છે.
(4) તેને IUCNની ઓછામાં ઓછી ચિંતા (Least Concern) કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

(A) માત્ર (1)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં ભારતીય બાઈશન અથવા ગૌર **(Indian Bison/Gaur)**ની પ્રથમ વસતી અંદાજની પ્રક્રિયા નિલગીરી જંગલ વિભાગ, તમિલનાડુમાં હાથ ધરવામાં આવી હતી.

⇒ તે જંગલી ગાય–બળદની પ્રજાતિ પૈકીનું સૌથી લાંબુ પ્રાણી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ પ્રાણી સામાન્ય રીતે સમગ્ર દક્ષિણ એશિયા તથા દક્ષિણ–પૂર્વ એશિયામાં વિતરીત થયેલાં હતાં. પરંતુ વર્તમાન સમયે તેનું વિતરણ છૂટું–છવાયું થયું છે તથા તે શ્રી લંકામાંથી લુપ્ત થયાં છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ તે મુખ્યત્વે નિત્યલીલા અને અર્ધ–નિત્યલીલા જંગલોમાં જોવા મળે છે. પરંતુ કોઈ વખત તે ભેજવાળા ખરાઉ જંગલોમાં તથા ખરાઉ જંગલોના કિનારે પણ જોવા મળી શકે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ **IUCN** દ્વારા તેને સંવેદનશીલ **(Vulnerable)** કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ ઘાસના મેદાનોનો નાશ થતાં આ પ્રાણીના ખોરાકના સ્ત્રોતને અસર થઈ છે અને પરિણામે તેની વસતી તથા વિતરણને અસર પડી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) સહકાર મિત્ર યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ યોજના કેન્દ્રિય કૃષિ મંત્રી દ્વારા લોંચ કરવામાં આવી છે.
(2) આ એક ઈન્ટર્નશીપ પ્રોગ્રામ છે.
(3) આ યોજના 'નેશનલ કો–ઓપરેટીવ ડેવલપમેન્ટ કો–ઓપરેશન' (NCDC)ની પહેલ છે.
(4) આ અંતર્ગત કૃષિ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી તથા સંલગ્ન ક્ષેત્રમાં સ્નાતક થયેલાં યુવાનો લાભ લઈ શકશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ 12 જૂનના રોજ કેન્દ્રિય કૃષિ મંત્રી દ્વારા સહકાર મિત્ર યોજના લોન્ચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ યોજના દ્વારા યુવા પ્રોફેશનલ લોકોના નવીન વિચારો સહકારી સંસ્થાને મળી રહેશે તથા યુવાઓને આત્મનિર્ભર બનવા માટેનો આત્મવિશ્વાસ મળી શકશે.

⇛ આ એક પ્રકારનો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજના નેશનલ કો–ઓપરેટીવ ડેવલપમેન્ટ કો–ઓપરેશન (NCDC) સંસ્થાની પહેલ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ યોજના 'વોકલ ફોર લોકલ'ના વિચારને પ્રોત્સાહન આપે છે.

⇛ આ અંતર્ગત ઈન્ટર્નને 4 મહિના માટે નાણાકીય સહાયતા આપવામાં આવશે.

⇛ આ યોજનામાં કૃષિ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી તથા સંલગ્ન ક્ષેત્રમાં સ્નાતક થયેલા યુવાઓ લાભ લઈ શકે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ઉપરાંત આ ક્ષેત્રોમાં MBA કરનાર વ્યક્તિ પણ લાભ લઈ શકે છે : ફાયનાન્સ, કૃષિ, ફોરેસ્ટ્રી, બિઝનેસ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, આંતરરાષ્ટ્રીય વેપાર અને ગ્રામ્ય વિકાસ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) પંચવટી યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજના ઉત્તરાખંડ સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે.

(2) આ યોજના સિનિયર સિટિજન માટેની છે.

(3) આ અંતર્ગત રાજ્યમાં 100 જેટલાં પાર્કનું નિર્માણ કરવામાં આવશે.

(4) આ યોજનાનું અમલીકરણ મનરેગાની સાથે તાલમેલ કરીને કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં હિમાચલ પ્રદેશ દ્વારા પંચવટી યોજના લોન્ચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ યોજના ગ્રામ્ય વિસ્તારના વૃદ્ધ નાગરિકો (સિનિયર સિટિજન) માટે લોન્ચ કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજના હેઠળ રાજ્યમાં 100 જેટલાં પાર્કનું નિર્માણ કરવામાં આવશે. આ પાર્કમાં વૃદ્ધ લોકો તેનો નવરાશનો સમય વિતાવી શકશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ યોજનાનું અમલીકરણ સ્વચ્છ ભારત મિશન તથા મનરેગા સાથે તાલમેલ સાધીને. કરવામાં આવશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ઉપરાંત પાર્કમાં મેડિકલ તથા આયુર્વેદીક છોડ પણ વાવવામાં આવશે.

⇛ આ પાર્કમાં સ્ત્રી સ્વસહાય સમૂહો (SHGs) પોતાની વસ્તુઓનું વેચાણ પણ કરી શકશે.

⇛ આ પાર્ક બનાવવા માટે તથા સ્થળાંતરિત શ્રમિકોને રોજગાર આપવા માટે મનરેગાના શ્રમિકો પાસે કાર્ય કરાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT